ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ સુદ તેરસ , ગુરુવાર ૧ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૫૯

પાનાં ૧૦+૪ કિંમત ₹ ૫.૦૦

વિશ્વમાં 2026નું ધામધૂમથી સ્વાગત કરાયું

ઓકલેન્ડ 2026નું સ્વાગત કરનાર પ્રથમ મોટું શહેર, વિશ્વના 29 દેશોમાં ભારત કરતાં વહેલી ઉજવણી

ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયામાં ત્યાં થયેલા સૌથી ખરાબ ગોળીબાર અને પ્રાકૃતિક આપદાની દુ:ખદ યાદો હેઠળ ઉજવણી કરાઈ

બર્લિનમાં લોકોએ બરફવર્ષાનો આનંદ માણીને 2025ના અંતની ઉજવણી કરી

ગ્રીસ અને સાયપ્રસમાં 2026ની ઉજવણી ઓછા અવાજવાળી આતશબાજી, લાઇટ શો અને ડ્રોન સાથે કરાઈ



મેલબોર્ન, તા. 31 (AP): ઓકલેન્ડ 2026નું સ્વાગત કરનાર પ્રથમ મોટું શહેર હતું જ્યારે ન્યુઝીલેન્ડના સૌથી ઊંચી ઈમારત સ્કાય ટાવર પરથી આતશબાજીનું ભવ્ય પ્રદર્શન કરાયું હતું, ત્યારબાદ ઓસ્ટ્રેલિયામાં નવવર્ષની તીવ્ર ઉજવણી કરવામાં આવી હતી. દક્ષિણ પ્રશાંત દેશો 2025ને વિદાય આપનારા પ્રથમ હતાં. ન્યૂયોર્કના ટાઈમ્સ સ્ક્વેરમાં પ્રખ્યાત બોલ ડ્રોપ થાય તેના 18 કલાક પહેલા, 1.7 મિલિયનની વસ્તી ધરાવતા ઓકલેન્ડમાં મધ્યરાત્રિએ ઉજવણી શરૂ કરાઈ હતી.

પાંચ મિનિટના પ્રદર્શનમાં 240-મીટર સ્કાય ટાવરના વિવિધ માળ પરથી 3,500 આતશબાજી છોડવામાં આવી હતી. વરસાદ અને સંભવિત વાવાઝોડાની આગાહીને કારણે બુધવારે ન્યુઝીલેન્ડના ઉત્તર ટાપુ પર નાના સમુદાય કાર્યક્રમો રદ કરવામાં આવ્યા હતા.

ઓસ્ટ્રેલિયાના પૂર્વી કાંઢઆએ ન્યુઝીલેન્ડના બે કલાક પછી 2026નું સ્વાગત કર્યું, પરંતુ દેશના સૌથી મોટા શહેર સિડનીમાં, ઓસ્ટ્રેલિયાના લગભગ 30 વર્ષમાં થયેલા સૌથી ખરાબ ગોળીબારની દુ:ખદ યાદો હેઠળ ઉજવણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે 14 ડિસેમ્બરના રોજ બોન્ડી બીચ પર બે બંદૂકધારીઓએ ગોળીબાર કર્યો હતો જેમાં 15 લોકો માર્યા ગયા અને 40 ઈજાગ્રસ્ત થયા હતા.

સિડની હાર્બર બ્રિજ પર એક ઝળહળતો આતશબાજીનો શો જોવા માટે બુધવારે ડાઉનટાઉન વોટરફ્રન્ટ પર હજારો લોકો ઉમટી પડ્યા હતા ત્યારે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. ઘણા અધિકારીઓએ વાર્ષિક કાર્યક્રમમાં પ્રથમ વખત ખુલ્લેઆમ રેપિડ-ફાયર રાઈફલ્સ રાખી હતી.

ઓસ્ટ્રેલિયાના નજીકના પડોશીઓમાંના એક, ઈન્ડોનેશિયામાં પણ નવા વર્ષનું સ્વાગત કરાયું હતું. જોકે એક મહિના પહેલા સુમાત્રા ટાપુના કેટલાક ભાગોમાં આવેલા વિનાશક પૂર અને ભૂસ્ખલનથી બરબાદ થયેલા સમુદાયો સાથે એકતાના સંકેત તરીકે ઉજવણી બહુ ધામધૂમથી કરાઈ ન હતી. તેના બદલે પીડિતો માટે પ્રાર્થના ચિંતનશીલ કાર્યક્રમ સાથે શાંત ઉજવણી કરવામાં આવી હતી.

જર્મનીની રાજધાની બર્લિનમાં લોકોએ કેથેડ્રલ અને પ્રતિષ્ઠિત બ્રાન્ડેનબર્ગ ગેટની સામે બરફવર્ષાનો આનંદ માણીને, સેલ્ફી લઈને અને સ્નોમેન બનાવીને 2025ના અંતની ઉજવણી કરી. પ્રખ્યાત બર્લિન ટીવી ટાવર હિમવર્ષા અને ધુમ્મસને કારણે

...અનુસંધાન પાના 2 પર

ગુજરાતમિત્ર

નવું વર્ષ અનેક આકાંક્ષાઓ લઈને આવે છે. કાલ કોણે દીઠી? એ ઉક્તિ છતાં અમુક ઘટનાઓ-કાર્યક્રમો નિશ્ચિત હોય છે. 2026ની આ નિશ્ચિતતાઓમાં જ એક ડોકિયું કરવાનો આ પ્રયાસ છે. દેશ અને સુરત-ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, અવકાશ અને ટેક્નોલોજીનાં મોટા મિશન, દેશ અને દુનિયામાં થનારી ચૂંટણીઓ, રમતગમતની મહત્વની ઈવેન્ટ્સ અને સિનેજગતની કાગડોળે રાહ જોવાતી રિલીઝ સહિતની માહિતીઓનો સંપૂટ આજના અંક સાથે. 4 પાનાની આ વિશેષ પૂર્તિ

આવતી કાલની અપેક્ષાઓ : ॥ સ્વાગત ॥ 2026 ॥

વાંચકોને આવતી કાલ માટે સજ્જ કરશે. વાંચવાનું ચૂકશો નહીં.

રાજ્ય સરકારની પ્રજાને નવા વર્ષે ભેટ એસટી ભાડામાં 3% વધારો કરાયો

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના નવા ભાડાના દરો આજ મધરાતથી અમલી બનશે

ગાંધીનગર, તા.31 : રાજ્ય સરકારે 2025ના છેલ્લા દિવસે એસટી બસોના ભાડમાં 3 ટકાનો વધારો જાહેર કર્યો છે. જે આજે મધરાતથી અમલી બનવા જઈ રહયા છે. એટલે કે આવતીકાલ તા.1લી જાન્યુ.થી આ નવા દરો અમલી બની જશે.

આ રીતે રાજ્ય સરકારે એસટી બસોના પ્રવાસીઓને નવા વર્ષે ભાડા વધારાની ભેટ આપી છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા પરિવહન સેવાઓને વધુ મજબૂત, આધુનિક અને સુવિધાયુક્ત બનાવવા માટે માત્ર 3% ભાડા વધારાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસટી નિગમના સંચાલક મંડળે આ નિર્ણયને મંજૂરી આપી હતી, જે આજે રાત્રે મધરાતથી અમલમાં આવશે. GSRTC દરરોજ 4,000થી વધુ બસો દ્વારા 32 લાખથી વધુ કિ.મી.નું અંતર કાપી 29 લાખ મુસાફરોને સેવા આપે છે. વિદ્યાર્થીઓ, દિવ્યાંગો, પત્રકારો, શહીદ પરિવાર, રાજ્ય પદક વિજેતા ખેલાડીઓ સહિત અનેક વર્ગોને રિયાયતી કે મફત મુસાફરીની સુવિધા યથાવત રહેશે.

એસનિગમ દ્વારા છેલ્લા 14 માસમાં BS-6 ટેકનોલોજીથી સજ્જ 1,875 નવી બસો સેવામાં મૂકાઈ છે. સાથે સાથે સ્ટીપર, લક્ઝરી, સુપર ડિલક્સ અને મિની બસોની સેવાઓનો પણ વિસ્તારો થયો છે. છેલ્લા એક વર્ષમાં 13 નવા બસ સ્ટેશન અને ડેપોનું લોકાર્પણ થયું છે, જેનો લાભ દૈનિક 1 લાખથી વધુ પ્રવાસીઓ લઈ રહ્યા છે.ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગમાં 3,000 બસોમાં ETM મારફતે ડિજિટલ ચુકવણી શરૂ કરવામાં આવી છે. ટૂંક સમયમાં વધુ 4,500 બસોમાં આ સુવિધા લાગુ થશે.એસટી નિગમ દ્વારા આગામી વર્ષે 205 નવી બસો સેવામાં મૂકવાની યોજના છે તેમજ 2,320 કન્ડક્ટરોની ભરતી પ્રક્રિયા શરૂ થઈ છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, ભાડા વધારા બાદ પણ ગુજરાતનું લોકલ તથા એક્સપ્રેસ બસ ભાડું

...અનુસંધાન પાના 2 પર

ચીનને લક્ષ્ય બનાવી ભારતે ત્રણ વર્ષનો સ્ટીલ ટેરિફ લાગુ કર્યો

ચીનની સસ્તી આયાતને લક્ષ્ય બનાવીને ભારતે પસંદગીના સ્ટીલ ઉત્પાદનો પર 11-12 ટકાનો ટેરિફ લગાવ્યો

આ ટેરિફ સ્ટેનલેસ સ્ટીલ જેવા વિશિષ્ટ સ્ટીલ ઉત્પાદનો પર પણ લાગુ નહીં પડે

નવી દિલ્હી, તા. 31 : ભારતે મંગળવારે પસંદગીના સ્ટીલ ઉત્પાદનો પર ૧૧-૧૨ ટકાનો ત્રણ વર્ષનો આયાત ટેરિફ લાદ્યો હતો, જેનો હેતુ મુખ્યત્વે ચીનથી થતી નિકાસમાં વધારાને રોકવાનો હતો. પ્રથમ વર્ષે ડ્યુટી ૧૨ ટકા, બીજા વર્ષે ૧૧.૫ ટકા અને ત્રીજા વર્ષે ૧૧ ટકા કરવામાં આવશે.

વિશ્વનો બીજો સૌથી મોટો ફ્લૂડ સ્ટીલ ઉત્પાદક દેશ ભારત, ચીનથી ઓછી કિંમતના સ્ટીલની આયાતમાં વધારાનો સામનો કરી રહ્યો છે, આ વલણે એન્ટિ-ડમ્પિંગ ચિંતાઓ ઉભી કરી છે અને સ્થાનિક સ્ટીલ ઉત્પાદકો પર દબાણ બનાવ્યું છે.

સત્તાવાર સરકારી ગેઝેટમાં પ્રકાશિત થયેલા આ પગલામાં ચોક્કસ વિકાસશીલ દેશોની આયાતને બાકાત રાખવામાં આવી છે, જોકે ચીન, વિયેતનામ અને નેપાળ પર આ કર લાદવામાં આવશે. તે સ્ટેનલેસ સ્ટીલ જેવા વિશિષ્ટ સ્ટીલ ઉત્પાદનો પર પણ લાગુ પડશે નહીં.

મંત્રાલયે વારંવાર કહ્યું છે કે તે ઈચ્છતું નથી કે સ્થાનિક સ્ટીલ ઉદ્યોગને સસ્તી આયાત અને હલકી ગુણવત્તાવાળા ઉત્પાદનોના કારણે નુકસાન થાય. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (DGTR) એ આયાતમાં તાજેતરના, અચાનક,

...અનુસંધાન પાના 2 પર

દિલ્હી ડાયરી

બિહારના કોંગ્રેસ નેતાઓના પાર્ટી હાઇકમાન્ડને મળવા દિલ્હીમાં ધામા

બિહારના કોંગ્રેસ નેતાઓનું એક જૂથ પાર્ટી હાઇકમાન્ડ સાથે બેઠક માટે રાષ્ટ્રીય રાજધાનીમાં ધામા નાખીને બેઠું છે. જે તાજેતરમાં યોજાયેલી બિહાર વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીના ખરાબ પ્રદર્શન સાથે સંબંધિત છે. આ જૂથે રાજ્યમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન ટિકિટ વિતરણ અને અન્ય મુદ્દાઓ પર જાહેરમાં પ્રશ્નો ઉઠાવ્યા હતા. પાર્ટી હાઇકમાન્ડે તે સમયે તેમને ચૂંટણી પૂર્ણ થયા પછી કોંગ્રેસ વડા મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા (એલઓપી) રાહુલ ગાંધી સાથે મુલાકાત કરવાની ખાતરી આપી હતી. તે મુજબ, આ જૂથ લગભગ એક પખવાડિયા પહેલા દિલ્હી પહોંચ્યું હતું, પરંતુ પાર્ટી હાઇકમાન્ડના કોઈપણ નેતાને મળી શક્યું ન હતું. ખડગે સંસદ સત્રમાં વ્યસ્ત હોવાથી અને ગાંધી સત્ર છોડીને જર્મની ગયા હતા અને અગાઉ દિલ્હીમાં 'વોટ ચોર ગદ્દી છોડ' રેલીમાં વ્યસ્ત હોવાથી આ જૂથ દિલ્હીમાં ફસાયેલું રહ્યું છે. બિહાર કોંગ્રેસના નેતાઓનું પ્રતિનિધિમંડળ બે વરિષ્ઠ નેતાઓમાંથી એક સાથે મુલાકાતની ધીરજપૂર્વક રાહ જોઈ રહ્યું છે. જોકે, તે હજી સ્પષ્ટ નથી કે તેઓ મળી શકશે કે નહીં. કારણ કે, સંસદ સત્ર પૂરું થઈ ગયું છે અને ગાંધી વિદેશ પ્રવાસ પરથી પાછા ફર્યા છે.

એક રાષ્ટ્ર- એકચૂંટણી બિલ પરની ચર્ચા હવે નવા વર્ષે

સરકાર દ્વારા 'એક રાષ્ટ્ર-એક-ચૂંટણી' ફોર્મ્યુલા

...અનુસંધાન પાના 5 પર

તા. ૩૧-૧૨-૨૦૨૬નું સુરત શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૦.૦° સે.	૧૬.૪° સે.	૬૧%

150 કિલો એમોનિયમ નાઈટ્રેટ સાથે રાજસ્થાનના ટોંકમાં બે ઝડપાયા

આ વિસ્ફોટક સામગ્રી અરવલ્લીમાં ગેરકાયદેસર ખાણકામ સ્થળોએ વિસ્ફોટ કરવા માટે લઈ જવામાં આવી રહી હતી

ટોંક (રાજસ્થાન), તા. 31 (PTI): એક કારમાંથી 150 કિલો વિસ્ફોટક સામગ્રી, 200 કારતૂસ અને છ બંડલ સેફ્ટી ફ્યુઝ વાયર જપ્ત કરવામાં આવ્યા છે, એમ અહીંની પોલીસે બુધવારે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે, પ્રાથમિક તપાસમાં એવું સૂચવવામાં આવ્યું છે કે વિસ્ફોટક સામગ્રી અરવલ્લીમાં ગેરકાયદેસર ખાણકામ સ્થળોએ વિસ્ફોટ કરવા માટે હતી. જપ્ત કરાયેલી વિસ્ફોટક સામગ્રીના સ્ત્રોત, ગંતવ્ય, હેતુપૂર્વક ઉપયોગ અને સંભવિત લિંક્સ શોધવા માટે વધુ તપાસ ચાલી રહી છે, એમ તેમણે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓની ઓળખ સુરેન્દ્ર પટવા અને સુરેન્દ્ર મોચી તરીકે કરવામાં આવી છે, બંને રાજસ્થાનના બુંદી જિલ્લાના રહેવાસી છે. ટોંક શહેરના ડીએસપી મૃત્યુંજય મિશ્રાએ જણાવ્યું હતું કે આરોપીઓ વિસ્ફોટક

...અનુસંધાન પાના 2 પર

તાઈવાનનું ચીન સાથે પુન:એકીકરણ રોકી શકાશે નહીં : શી જિનપીંગ

જિનપીંગે નવવર્ષની પૂર્વસંધ્યાએ બ્રહ્મપુત્ર નદી પર વિશ્વના સૌથી મોટા બંધના નિર્માણ પર પણ પ્રકાશ પાડ્યો

બીજિંગ, તા. 31 (PTI): ચીનના પ્રમુખ શી જિનપિંગે બુધવારે તેમના નવા વર્ષના સંબોધનમાં કહ્યું કે તાઈવાનનું ચીન સાથે પુનઃ એકીકરણ 'સુનિશ્ચિત' છે, જ્યારે દેશની વધતી જતી સંરક્ષણ પ્રગતિનો અંદાજ લગાવ્યો હતો અને બ્રહ્મપુત્ર નદી પર વિશ્વના સૌથી મોટા બંધના નિર્માણ પર પ્રકાશ પાડ્યો હતો.

તાઈવાન સ્ટ્રેટની બંને બાજુના ચીની લોકો લોહી અને સગપણનું બંધન ધરાવે છે, જિનપીંગે તેમના રાષ્ટ્રીય સ્તરે ટેલિવિઝન 2026ના નવા વર્ષના સંદેશમાં કહ્યું હતું. 'આપણી માતૃભૂમિનું પુનઃ એકીકરણ, જે સમયનું એક વલણ છે, તે રોકી શકાશે નહીં', એમ જિનપીંગે કહ્યું જ્યારે સ્વ-શાસિત ટાપુની આસપાસ છેલ્લા ત્રણ દિવસમાં ચીની સૈન્ય દ્વારા ઉચ્ચ-શક્તિવાળી કવાયતોમાં વધારો કરાયો છે, તાઈવાનને ચીન તેના ભાગ તરીકે દાવો કરે છે. વર્ષ 2022થી આ છઠી વખત છે જ્યારે ચીને આધુનિક લડાકુ વિમાન, યુદ્ધ જહાજો, મિસાઈલ્સ અને ડ્રોનનો ઉપયોગ કરીને સૈન્ય કવાયત તેજ કરી છે જેમાં તાઈવાનને કબજે કરવાની પ્રેક્ટીસ કરાઈ હતી.

72 વર્ષીય જિનપીંગે પોતાના

...અનુસંધાન પાના 2 પર

ભારતીય અર્થતંત્રની મજબૂત વૃદ્ધિ જળવાઈ રહેશે : RBIનો રિપોર્ટ

અસ્થિર અને પ્રતિકૂળ બાહ્ય વાતાવરણ છતાં મજબૂત સ્થાનિક વપરાશ અને રોકાણ દ્વારા વૃદ્ધિ દર જળવાવાની આશા

નવી દિલ્હી, તા. 31 : વૈશ્વિક અનિશ્ચિતતા અને પડકારજનક આંતરરાષ્ટ્રીય વાતાવરણ હોવા છતાં, ભારતીય અર્થતંત્ર તેનો મજબૂત વૃદ્ધિ દર જાળવી રાખવા માટે તૈયાર છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બુધવારે બહાર પાડવામાં આવેલા 'ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી રિપોર્ટ' (એફએસઆર) અનુસાર, મજબૂત સ્થાનિક માંગ, નિયંત્રિત ફુગાવો અને સાવચેતી મેક્રોઈકોનોમિક નીતિઓએ ભારતની આર્થિક સ્થિતિ સુરક્ષિત કરી છે.

આરબીઆઈના રિપોર્ટમાં સૌથી મહત્વની વાત શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંકોની તબિયત વિશે કહેવામાં આવી છે. રિપોર્ટ અનુસાર ભારતીય બેન્કોની સ્થિતિ ખૂબ જ મજબૂત છે. તેમની પાસે પૂરતી મૂડી અને રોકડ છે. બેંકોની એસેટ ક્વોલિટીમાં નોંધપાત્ર સુધારો થયો છે અને તેમની નફાકારકતા પણ મજબૂત છે.

અહેવાલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સ્થાનિક નાણાકીય

...અનુસંધાન પાના 5 પર

ફરીદાબાદમાં બે સંતાનની માતા પર ચાલતી વાનમાં સામૂહિક બળાત્કાર

બળાત્કાર પછી મહિલાને ચાલતી વાનમાંથી ફેંકી દેવાતા તેને માથામાં ગંભીર ઈજાઓ થઈ

યુપી-એમપીના બે આરોપીની ધરપકડ, બંનેએ ગુનો કબૂલી લીધો, વાન જપ્ત કરવામાં આવી

ફરીદાબાદ, તા. 31 (PTI): એક 25 વર્ષીય પરિણીત મહિલા પર ચાલતી વાનમાં કથિત રીતે સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને બાદમાં તેને રસ્તા પર ફેંકી દેવામાં આવી હતી, જેના કારણે તેના માથામાં ગંભીર ઈજા થઈ હતી, એમ પોલીસે બુધવારે જણાવ્યું હતું.

કથિત બળાત્કારના સંદર્ભમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે, એમ પોલીસે જણાવ્યું હતું.

...અનુસંધાન પાના 5 પર

ભારત-પાકિસ્તાન તણાવમાં હવે ચીને મધ્યસ્થીનો દાવો કર્યો

બેજિંગ, તા. 31 : ચીને દાવો કર્યો છે કે તેણે આ વર્ષની શરૂઆતમાં ભારત-પાકિસ્તાન તણાવ ઓછો કરવામાં મધ્યસ્થી ભૂમિકા ભજવી હતી, આ નિવેદનને નવી દિલ્હીમાં આ બાબતથી પરિચિત લોકોએ વિચિત્ર અને ખોટું ગણાવીને ફગાવી દીધું છે. આ દાવો ચીનના વિદેશ મંત્રી વાંગ

...અનુસંધાન પાના 2 પર

કાશ્મીરમાં જેહાદ ચાલુ રહેશે : લશ્કરે તૈયબા

પહેલગામ આતંકવાદી હુમલાના મુખ્ય આરોપી સૈફુલ્લાહ કસુરીએ ભારતની ચેતવણી ધ્યાને ન લેવાની વાત કરી

ભારતના ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનમાં આતંકવાદી માળખાનો નાશ થયાનું સૈફુલ્લાહ કસુરીએ સ્વીકાર્યું

ઈસ્લામાબાદ, તા. 31 : પાકિસ્તાની આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા ભારત સામે નવો હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે. લશ્કરના ટોચના નેતાઓના તાજેતરના નિવેદનોથી આ વાતનો ખુલાસો થયો છે. પહેલા લશ્કરના વડા હાફિઝ સઈદે ભારતને ધમકી આપી હતી. હવે લશ્કર-એ-તૈયબાના નાયબ વડા અને પહેલગામ આતંકવાદી હુમલાના મુખ્ય આરોપી સૈફુલ્લાહ કસુરીએ ભારતમાં આતંકવાદી હુમલાઓની ચેતવણી

...અનુસંધાન પાના 5 પર